**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૫ ટકા

# ચ માર્ગ પર ૭/૮ કટ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૧
પંચદેવ મંદિર ખાતે મેળામાંથી ઘરે જઈ રહેલા ધોળાકુવાના બાઈક ચાલકને ચ માર્ગ પર ૭-૮ પાસે સાંજના સુમારે અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં બે જણા ઘાયલ થયા હતા. કાર-બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક ચાલક ઉછળીને નીચે પડતા પગમાં તેમજ શરીરે તો બીજી તરફ બાઈક પાછળ બેઠેલી યુવતિને પણ ઈજા પહોંચતા તાત્કાલીક બંન્ને ઈજાગ્રસ્તોને સ્થાનિક નાગરીકો દ્વારા ૧૦૮ બોલાવી સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ધોળાકુવા ગામના રાકેશજી ધુળાજી ઠાકોર (ઉં.વ.૨૨) અને ઉષાબેન ગલાજી ઠાકોર (ઉં.વ.૨૦) પંચદેવ મંદિર ખાતે મેળામાંથી સાંજના સુમારે બાઈક લઈને પરત ધોળાકુવા તરફ જઈ રહ્યા હતા. ત્યારે ચ-૩ થી આગળ સેકટર-૭-૮ ના કટ પાસે ચ-૨ તરફથી આવી રહેલી ઈન્ડીકા કારના ચાલકે કાર સેકટર-૮ તરફ વળાંક લેતા રાકેશજી ઠાકોરનું બાઈક ગાડીના આગળના ભાગે ટકરાયું હતું. આ અકસ્માતમાં રાકેશજી ઉછળીને નીચે પટકાયા હતા અને પગમાં તેમજ શરીરે ઈજા પહોંચી હતી. જયારે પાછળ બેઠેલા ઉષાબેનને પણ અકસ્માતમાં ઈજા પહોંચી હોવાથી સ્થળ પર નાગરીકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બંન્ને ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.



# કોબા મહાવીર હિલ્સમાંથી ૬.૩૨ લાખના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૨૧
ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા પાસે આવેલા મહાવીર હિલ્સના એક મકાનમાંથી રૂ.૬.૩૨ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી થવા પામી છે. મોટાભાગે તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે આ મકાન માલિક છેલ્લા કેટલાક સમયથી બહારગામ ગયા નથી અને ઘર બંધ પણ કર્યું નથી. જેથી ખુલ્લા ઘરમાંથી દાગીના ગાયબ થઈ જતા ચોરી પાછળ કોઈ જાણભેદુ હોવાનું લાગી રહ્યું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ કોબા નજીક આવેલા મહાવીર હિલ્સ ખાતે મકાન નં. ૪૦૩માં રહેતા અલ્પેશભાઈ મંગળભાઈ પ્રજાપતિ પરિવાર સાથે વસવાટ કરે છે. અલ્પેશભાઈના પત્ની શિલ્પાબેન પ્રજાપતિએ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ પ્રમાણે ગત તા.૫ ફેબ્રુઆરીના રોજ રાત્રીના સમયે તેમના કૌંટુબીક દિયર તેમના ઘરે આવ્યા હતા અને લગ્નમાં જવાનું હોવાથી દેરાણીએ શિલ્પાબેન પાસે સોનાનો સેટ માંગ્યો હતો. જેને પગલે બેડરૂમમાં દાગીના ભરેલો ડબ્બો બહાર નીકાળ્યો હતો. પરંતુ ડબ્બામાં જોતા તેમા મુકેલા રૂ.૬.૩૨ લાખના દાગીના ગાયબ હતા. જેને પગલે પરિવારના સભ્યોએ પોતાની રીતે ખાનગી રીતે તપાસ કરી હતી, પરંતુ દાગીના મળી આવ્યા ન હતા. ગુમ થયેલા સોના ચાંદીના દાગીનામાં સોનાની બે બંગડી, સોનાથી મઢેલા પાટલા, ૭ વીંટી, બુટ્ટી સાથેનો સોનાનો સેટ, સોનાની ત્રણ ચેઈન, સોનાની લકી, સોનાની મગમાળા, સોનાની લગડી, એક સિક્કો, ચાંદીની બે લગડી, ચાંદીના ઝુડાનો સમાવેશ થાય છે. ઘરમાં મુકેલા ડબ્બામાંથી દાગીના ગાયબ થતા બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.



મહાશિવરાત્રિ અને ૮૪ મી ત્રિમૂર્તિ શિવ જયંતિ પ્રસંગે ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૦, શુક્રવારે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૨૮ ગાંધીનગર સેવાકેન્દ્ર ખાતે શિવબાબાનો ધ્વજ લહેરાવી કેન્ડલ લાઈટિંગ અને કેક કટિંગ કરતાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર ભગિની રીટાબેન પટેલ સાથે કોર્પોરેટર ભગિની હર્ષાબા ધાંધલ તથા રાજયોગીની આદરણીય કૈલાશદીદી દશ્યમાન થાય છે.



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, પારિજાત હોમ્સ, સરગાસણ સેવા કેન્દ્ર પર ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર રાકેશ પટેલ, અને સંચાલિકા બી.કે.મેઘાબેન દ્વારા અગ્રગણ્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં શિવ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું તથા અનિર્દેશ સોસાયટી સામે, શાંતમ પાર્ટી પ્લોટની પાસે, સરગાસણ ખાતે આયોજિત સોમનાથ દર્શન, વેલ્યુ ગેમ્સ, આધ્યાત્મિક પ્રદર્શની તથા તનાવ મુક્તિ માટે મેડિટેશન કોર્ષ (૨૨ થી ૨૯ ફેબ્રુઆરી સવારે ૮ થી ૯, સાંજે ૪થી ૫ અને રાત્રે ૮ થી ૯)નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સાંજે ૭.૦૦ વાગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર ભગિની રીટાબેન પટેલ, કોર્પોરેટર ભગિની હર્ષાબા ધાંધલ અને આદરણીય કૈલાશ દીદીના દ્વારા સોમનાથની આરતીમાં દર્શનનો હજ્જારો ભક્તોને લાભ લીધો હતો.

## રેડ બુલ એથ્લેટ અને યુએસ સ્ટંટ રાઈડિંગ ચેમ્પિયને દિલધડક કુશળતાઓ બતાવીને જીએનએલયુના દર્શકોને મંત્રમુગ્ધ કર્યા



ગાંધીનગર, તા.૨૧
દુનિયાભરના દર્શકોને મોહિત કર્યા પછી યુએસ સ્ટંટ રાઈડિંગ ચેમ્પિયન અને રેડ બુલ એથ્લેટ આરોન કોલ્ટને અગાઉ ક્યારેય નહીં તેવી દિલધડક કુશળતાઓ ૨૧મી ફેબ્રુઆરીના રોજ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે પ્રદર્શનમાં બતાવી હતી. આ સ્ટ્રીટ ફ્રીસ્ટાઈલર યુવાનો અને જોશીલા વિદ્યાર્થીઓ સાથે વાતો કરતો અને પ્રોફેશનલ સ્ટંટ રાઈડિંગ ચેમ્પિયન કઈ રીતે બની શકાય તે વિશે મૂલ્યવાન અંતઃદષ્ટિ પણ આપી હતી.

રેડ બુલ એથ્લેટ અને સ્ટંટ રાઈડિંગ ચેમ્પિયન આરોન કોલ્ટોએ જણાવ્યું હતું કે અહીં ગુજરાતમાં વિશાળ દર્શકોની સામે આ સ્ટંટ્સ બતાવવાનું બહુ સારું લાગ્યું. આરોન કોલ્ટને સ્ટ્રીટ ફ્રીસ્ટાઈલ, એએમએ પ્રો રોડ રેસિંગ અને એએમએ પ્રો ફ્લેટ ટ્રેક તેમ જ અમુક ડબ્લ્યુઓઆરસીએસ, સુપર મોટો અને મોટોક્રોસ રેસીસમાં સ્પર્ધા કરીને મોટરસાઈકલિંગની બધી શિસ્તોમાં બહુ આદર મેળવ્યો છે. આરોન ૧૩ વર્ષની ઉંમરે પહોંચ્યો ત્યાં સુધી તેની રાઈડિંગ કુશળતાએ તેને સ્ટ્રીટ ફ્રીસ્ટાઈલની સ્પર્ધામાં લાવી દીધો હતો, જે સાથે તે ૧૫ વર્ષની ઉંમરે સૌથી યુવા એક્સડીએલ નેશનલ સ્ટંટ રાઈડિંગ ચેમ્પિયન બની ગયો હતો. આ પછી આરોને ઘણી બધી ચેમ્પિયનશિપ્સ જીતી છે. વર્સેટાઈલ એથ્લેટ તરીકે આરોને સન્માનિત કંપનીઓ અને સંસ્થાઓ સાથે દુનિયામાં સૌથી લોકપ્રિયમાંથી એક સ્ટ્રીટ ફ્રીસ્ટાઈલ રાઈડર તરીકે પોતાની કારકિર્દીમાં ઉત્ક્રાંતિ લાવવાનું ચાલુ રાખ્યું છે.

## ગુજરાતના પ્રથમ દિગંબર જૈન બાલબ્રહ્મચારી આચાર્યશ્રી ધન્યસાગરજી મહારાજનો વિનયાંજલી કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૧
શ્રી મહાવીર દિગંબર જૈન મંદિર સેક્ટર-૨૧, ગાંધીનગર મુકામે યુવાચાર્ય શ્રી ધન્યસાગરજી મહારાજની વિનયાંજલી સભા રાખવામાં આવી જેમાં ગાંધીનગરનાં મેયર રીટાબેન પટેલ, સમાજના ગણમાન્ય વ્યક્તિઓ અને અમદાવાદ, પ્રાંતિજ, પેથાપુર વગેરે સમાજના શ્રદ્ધાળુ શ્રાવક-શ્રાવિકાઓ હાજર રહ્યા હતા. આચાર્યશ્રીની સમાધિ ૫૦ વર્ષની અલ્પ વયે તારીખ ૧૬-૨-૨૦૨૦ના રોજ ઈડર મુકામે સવારે ૮.૦૦ વાગે થઈ હતી. શ્રીમતી પટેલે કહ્યું આચાર્યશ્રી ધન્યસાગરે પોતાના ત્યાગ-તપ્સયા થકી પેથાપુર-ગાંધીસમાજનું ગૌરવ વધાર્યું છે અને લોકોને પ્રેરણા આપી છે કે તેઓ પોતાની જરૂરિયાતો ઓછી કરી, ખપ પુરતું ઉપયોગ કરી પોતાના જીવનને તેમની જેમ ધન્ય બનાવી શકે છે. તેમણે સમાજિક આધ્યાત્મિક સુખ-શાંતિ માટેનો રસ્તો બતાવ્યો છે.

સમાજના અગ્રણી ચંપકભાઈ શાહે તેમનો વિસ્તૃત પરિચય આપી શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે તેઓ કે તેમના પિતા દિનેશભાઈ શાહ (સમાધિસ્થ મુનિશ્રી વિશ્વેસરસાગરજી) તથા માતા કંચનબેનના સુસંસ્કારોથી તેમનો જીવન ઓતપ્રોત હતો તેમણે ત્યાગ અને મુનિધર્મ સાધનાની કઠોર તપસ્ચર્યાનો આગમ સમ્મત માર્ગ સ્વીકાર કર્યુ હતું. તેમનો જ્ઞાન અને ચિન્તન જેટલો ઉંડું હતુ તેટલી જ વિશુદ્ધ ચર્યા અને ચરિત્ર હતા. જે વધા માટે પ્રેરણારૂપ છે.

સરળ સ્વભાવી મુનિશ્રીને સમાજના આગેવાનો અરવિંદભાઈ, અરૂણભાઈ, કમલેશભાઈ, ધવલભાઈ, ગિરીશભાઈ, લોકેશભાઈ તથા મહિલા મંડળના પ્રજ્ઞાબેન રીટાબેન વગેરેએ તેમના પ્રેરણાસ્પદ જીવન પ્રસંગોને સ્મરણ કરતાં વિનયાંજલિ અર્પિત કરી હતી.

# સે-૩ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રીની ધામધૂમથી ઉજવણી



ગાંધીનગર, તા.૨૧
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેકટર-૩, ગાંધીનગર દ્વારા મહાશિવરાત્રીના પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આ પાવન પ્રસંગે તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ રામેશ્વર મંદિર, સેકટર-૩ના પરિસરમાં અમરનાથની ગુફામાં બર્ફીલા બાબા, આધ્યાત્મિક મુલ્યનિષ્ઠ પ્રદર્શની, શિવ અવતરણ વિડિયો શો, વેલ્યુ ગેમ તથા ધ્યાન કુટીરનુંનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઝાંખીના ઉદઘાટન કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ, અમદાવાદની શુભમ સુપરસ્પેસ્યાલિટી હોસ્પીટલના ન્યુરોલોજીસ્ટ ડૉ.ધર્મેશભાઇ પટેલ, શાશ્વત હોસ્પિટલના ડો. સુરેન્દ્ર દ્વિવેદી, શિવમ્ ક્લિનિકના ડો. વિપુલ ઠક્કર, યશદીપ હોસ્પીટલના ડૉ.હર્ષદભાઇ ચૌધરી તથા રીટાયર્ડ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, અરૂણભાઇ ચૌધરી, ગાંધીનગરના કોર્પોરેટર રાકેશભાઇ પટેલ, હિરલબેન જોષી, ઉર્મિલાબેન વર્મા, ભાજપ શહેર મંત્રી શંકરભાઈ ચૌધરી, ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેલ વિક્રમભાઈ પટેલ, નિવૃત સચિવ એ.ડી. પટેલ, રામેશ્વર મંદિરના ટ્રસ્ટી વલ્લભભાઈ પટેલ, સેક્ટર-૩ બહ્માકુમારીઝ સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે.સુનીતાબેન તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સર્વ આમંત્રિત મહેમાનો દ્વારા ખુબજ ભાવનાથી અમરનાથ બાબાની આરતી કરવામાં આવી હતી. તથા આધ્યાત્મિક મુલ્યનિષ્ઠ પ્રદર્શની, શિવ અવતરણ વિડિયો શો તથા વેલ્યુ ગેમ કાર્યક્રમ નિહાળ્યો હતો..

ગુફામાં બિરાજેલા અમરનાથે ભાવિક ભક્તોમાં ખૂબ જ મોટું આકર્ષણ જગાવ્યું હતું અને ભક્તોની દર્શન માટે લાંબી કતારો જોવા મળી હતી. દર્શનનો લાભ આશરે આઠ થી દશ હજાર જેટલા ભાવિક ભક્તોએ લીધો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫

**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

**મલંગ**
૧.૩૫, ૬.૧૦

**તાન્હાજી** - ૧૨.૫૦

## ચિરવિદાય

- સ્વ. યોગીનીબેન ચંદ્રકાન્ત ત્રિવેદી, ઉ.વ. ૭૧
- સ્વ. પટેલ પરેશભાઈ નટવરભાઈ, ઉ.વ. ૩૯

## દુ:ખદ અવસાન

મહિલા સુરક્ષા છાત્રાલય સેકટર-૧૨ ગાંધીનગરના ગૃહમાતા યોગીનીબેન ત્રિવેદીનું તા. ૨૧-૨-૨૦૨૦ના રોજ સવારે દુ:ખદ અવસાન થયેલ છે.